પત્રિકા
૧૨૬

# ચિરાગે હિદાયત

૨૯/૦૯/૧૭
૭ મોહર્રમ

## આ અઠવાડિયાની મુનાસેબત

**૧૦ મોહર્રમ – રોઝે આશુરા**

## આશુરા

અઝીઝો! આશુરાનો દિવસ ખુબજ નઝદીક છે. ઈમામ હુસૈન(અ.સ.)ની શહાદતનો દિવસ, બની હાશીમના ૧૮ જવાનો સાથે ૭૨ શહીદોની શહાદતનો દિવસ. આ એ ગમનાક દિવસ છે કે આ દિવસથી વધારે ગમનાક દિવસ કોઈ નહીં હોય.

એક વખત હઝરત મુસા(અ.સ.)એ અલ્લાહને અર્ઝ કરી ''ખુદાવંદા! એ કઈ વસ્તુ છે જેના કારણે તે ઉમ્મતે હઝરત મોહમ્મદ(સ.અ.વ.)ને બીજી ઉમ્મતો ઉપર ફઝીલત આપી છે.'' અલ્લાહ તઆલાએ ફરમાવ્યું કે ''મેં આ ઉમ્મતે રસૂલને ૧૦ એવી ખસલતો (ખાસિયતો)ને કારણે ફઝીલત આપી છે.''

હઝરત મુસા(અ.સ.)એ અર્ઝ કરી કે ''તે ૧૦ ખસલતો કઈ છે? મને પણ બતાવો કે જેથી હું પણ બની ઈસરાઈલને તેની ઉપર અમલ કરવાનો હુકમ આપું?'' ખુદાવંદે આલમે ફરમાવ્યું ''નમાઝ, રોઝા, ઝકાત, હજ, જેહાદ, જુમ્મા, જમાત, કુરઆન, ઈલ્મ અને આશુરા.'' હઝરત મુસા(અ.સ.)એ પુછ્યું કે ''અય મારા પરવરદિગાર! આ આશુરા શું છે?'' અલ્લાહ તઆલાએ ફરમાવ્યું ''હઝરત મોહમ્મદ મુસ્તુફા(સ.અ.વ.)ની દિકરી જનાબે ફાતેમા ઝહરા(સ.અ.)ના ફરઝંદ ઉપર રડશે અને અઝાદારી કરશે તેની ઉપર જન્નત વાજીબ થઈ જશે અને તે હંમેશા તેમાં રહેશે. જે કોઈ નબીની દુખ્તરના આ ફરઝંદની મોહબ્બતમાં ખાવાનું ખવરાવે યા તો એક દીરહમ ખર્ચ કરશે તો દુનિયામાં હુ તેને એક દિરહમના બદલામાં ૭૦ દીરહમની બરકત આપીશ અને તે શખ્સ જન્નતમાં બાઆફીયત હશે અને હું તેના ગુનાહોને બખ્શી દઈશ.

*– મજમઉલ બહરૈન / આદાબે અહલે મીમ્બર, પે.૯૨-૩૩*

અઝીઝો! ખરેખર આશુરા અહલેબૈત(અ.મુ.સ.)ના ચાહવાવાળાઓ માટે ખુબજ

ગમનો દિવસ છે. આ દિવસે મુસલમાનોને જોઈએ કે તેઓ પોતાના બધા જ દુન્યવી કામોને મૂકી દે, દુન્યવી હાજતોને તે દિવસે તલબ ન કરે. બલ્કે પૂરો દિવસ જનાબે ફાતેમા(સ.અ.)ના ફરઝંદ ઉપર ગીર્યા કરે, અઝાદારી મનાવે, માતમ કરે અને ઈમામ હુસૈન(અ.મુ.સ.)ની શહાદતનો પૂરસો તેમના ફરઝંદ ઝમાનાના ઈમામ(અ.સ.)ને આપે.

# ઝિયારતે આશુરા

આશુરાના દિવસના ઘણા આમાલ છે. જેમાંનો એક અમલ એ ઝિયારત છે જેને 'ઝિયારતે આશુરા' કહેવામાં આવે છે.

ઝિયારતે આશુરા હકીકતમાં હદીસે કુદસી છે. હદીસે કુદસી એ બયાન છે જે અલ્લાહ તઆલા તરફથી હોય છે. જનાબે સફવાન જે આ હદીસના રાવી છે તે ફરમાવે છે કે આ ઝિયારત જનાબે જિબ્રઈલે 'લવ્હે મહફુઝ'થી હઝરત મોહમ્મદ(સ.અ.વ.)ને આપી અને હઝરત રસૂલેખુદા(સ.અ.વ.)એ હઝરત અલી(અ.સ.)ના હવાલે કરી અને હઝરત અલી(અ.સ.)એ તેમના ફરઝંદો હસનૈન(અ.મુ.સ.)ને જણાવી અને ઈમામ હુસૈન(અ.સ.)એ તેમના ફરઝંદ ઈમામ સજ્જાદ(અ.સ.)ને અને તેઓએ પોતાના ફરઝંદ ઈમામ મોહમ્મદ બાકીર(અ.સ.)ને તે ઈમામે પોતાના ફરઝંદ ઈમામ સાદિક(અ.સ.)ને આપી. ઈમામ સાદિક(અ.સ.)એ આ ઝિયારત પોતાના સહાબી સફવાનને જણાવી.

ઈમામ(અ.સ.)એ સફવાનને કહ્યું ''અય સફવાન! હું આ ઝિયારતની કબૂલ થવાની ખાતરી આપુ છું. જો કોઈ આમાલે આશુરા હંમેશા બજાવી લાવે. બેશક તેના આમાલ કબૂલ થવાને લાયક થઈ જશે, અલ્લાહ તઆલા તેની હાજતો અને દુઆને કબૂલ કરશે.

અય સફવાન! અલ્લાહ તઆલાએ કસમ ખાધી છે કે જે મારા દાદા (ઈમામ હુસૈન(અ.સ.))ની ઝિયારત દૂરથી પઢશે અને પછી હાથ બુલંદ કરીને દુઆ માંગશે તો અલ્લાહ તઆલા તેની દુઆ કબૂલ કરશે.

આ ઝિયારતના થકી તેના બંદા ઉપર માયુસી અને હતાશા નહીં છવાય. અલ્લાહ તઆલા તેને જન્નત નસીબ કરશે અને દોઝખની આગથી બચાવી લેશે તેનો દરજ્જો

બલંદ થશે જેથી તેને 'શફાઅત' નો હક રોઝે મહેશરના મળશે. અય સફવાન ! હઝરત ઈમામ હુસૈન (અ.સ.)ની ઝિયારત પડવી એટલે અલ્લાહતઆલાની ઝિયારત અર્શ પર પઢવા બરાબર છે.'' *– બેહારૂલ અનવાર*

જે કોઈ માણસ ધ્યાનથી વિચાર કરે તો ઝિયારતે આશુરામાં ઘણી ઉંડી અસરો છે. જો કોઈ ઝિયારતમાં બતાવેલ નસીહતો પર બરાબર અમલ કરે તો તેને નજાત મળશે. જો તેની હકીકતને સમજમાં આવશે તો અકીદો મજબૂત થશે. આ ઝિયારત થકી ઈન્સાનને સારા અને નરસા, હક અને બાતિલમાં તફાવત કરવા માટે માપદંડ બનશે.

આજ કારણ છે કે એહલેબૈત(અ.મુ.સ.)ના દુશ્મનોએ આ ઝિયારતને બરબાદ કરવાની કોશિશો કરી છે.

ઈમામ જાફરે સાદીક(અ.સ.)થી રિવાયત છે કે ''અય સફવાન! જયારે કોઈ મુસીબતમાં ફસાઈ જાઓ તો તે મુસીબત દૂર કરવા માટે આમાલે આશુરા થકી ઈમામ હુસૈન(અ.સ.)થી મદદ માંગો.''

મશહૂર શિયા આલીમો આ ઝિયારત હંમેશા પઢતા હતા. જેનાથી તેઓને અસંખ્ય ફાયદાઓ થયા છે અને મુસીબતમાં આ ઝિયારતનો સહારો લીધો છે.

આયતુલ્લાહ દસ્તગૈબ(ર.અ.) (ગુનાહે કબીરાના લેખક)એ આકા ફરીદ (તેહરાનના આલીમોમાંથી હતા) નો એક કિસ્સો નકલ કર્યો છે. આકા ફરીદે કહ્યું કે ''એક વખત હું બહુજ ખરાબ સ્થિતિમાં ફસાઈ ગયો હતો ત્યારે મને આ ઝિયારત પઢવાનું યાદ આવ્યું. મેં પહેલી મોહર્રમથી આ ઝિયારત પઢવાનું શરૂ કર્યુ અને હજી આઠ મોહર્રમ હતી અને મારી તકલીફ દૂર થઈ.'' *– ઝિયારતે આશુરા પઢવાના ફાયદા, પેજ નં. ૨૩*

સાલેહ ઈબ્ને અકબહ અને સૈફ ઈબ્ને ઉમૈરા કહે છે કે અલકમહ બિન મહમદ હઝરમીએ કહ્યું કે ''મેં હઝરત ઈમામ મોહમ્મદ બાકિર(અ.સ.)ને અર્ઝ કરી કે મને એવી દુઆ તાલીમ ફરમાવો કે જયારે હું દસમી મોહર્રમના દિવસે હઝરત ઈમામ હુસૈન(અ.સ.)ની

ઝિયારત કરૂં ત્યારે તે દુઆ પઢું અને જે વખતે હઝરત ઈમામ હુસૈન(અ.સ.)ની ઝિયારત દૂરથી કરૂં ત્યારે પઢું.'' ત્યારે ઈમામ(અ.સ.)એ ફરમાવ્યું કે ''અય અલકમહ! તું જયારે બે રકાત નમાઝ અદા કરી લે તો પછી સલામ માટે તું તે હઝરત તરફ ઈશારો કરજે અને તકબીર કહ્યા બાદ ઝિયારતે આશુરા પઢજે અને ત્યારબાદ જે દુઆ તાલીમ ફરમાવી તે દુઆએ અલ્કમા છે તો અલ્લાહ તારા માટે એક લાખને એક હજાર દરજ્જાઓ લખશે. તું એવા શખ્સ જેવો હશે કે જે હઝરત ઈમામ હુસૈન(અ.સ.) સાથે શહીદ થયો હોય અને તું એ શોહદામાં ગણાશે જેઓ હઝરત ઈમામ હુસૈન(અ.સ.)ની સાથે શહીદ થએલા છે. તને દરેક નબી, રસૂલ અને હઝરત ઈમામ હુસૈન(અ.સ.)ની ઝિયારત કરનારનો સવાબ મળશે.

અઝીઝો! આ દિવસે ઝિયારતે આશુરાને ૧૦૦ સલવાત અને ૧૦૦ લાનતની સાથે અદા કરે તો તેનો પૂરે પૂરો સવાબ હાંસિલ થાય.

આ દિવસે ઈમામ(અ.સ.)ના વારીસ તેમના ફરઝંદને જેટલું બને તેટલો પુરસો આપીએ અને ગમઝદા રહીએ. હઝરતના રોઝાનું રૂખ કરી દીલથી હઝરત ઈમામ હુસૈન(અ.સ.) તેમની ઔલાદ અને તેમના સાથે શહીદ થનારાઓની શહાદતને યાદ કરે, હઝરત ઈમામ હુસૈન(અ.સ.) પર સલામ અને સલવાત મોકલે અને તેમના કાતીલો ઉપર લાનત કરે અને રોઝે આશુરના આમાલ (નમાઝ વિગેરે) બજાવી લાવે. જયારે કોઈ આ આમાલને ખુલુસ, યકીન સાથે કરશે, અલ્લાહ તઆલા તેને બુરી મૌતથી બચાવશે, તેને ડુબવાથી, સળગી મરવાથી, ઈમારત નીચે દબાઈને મરવાથી બચાવશે. મરવા સુધી તેના દુશ્મનને તેના ઉપર મુસલ્લત થવા નહીં દે, દિવાનગી, કોઢ વિગેરે. બીમારીઓથી તેની ચાર પેઢીઓને મહેફૂઝ રાખશે. આ દિવસે મોઅમીનોએ પોતાના ઘર માટે કોઈ ચીજનો સંગ્રહ ન કરે, પોતાની માટે દુન્યવી હાજત તલબ ન કરે કારણ કે આ દિવસ નહસ છે.

પ્રકાશક : હાજીનાજી મેમોરિયલ ટ્રસ્ટ
વેબસાઈટ : www.hajinaji.com ઈમેલ : hajinajitrust@gmail.com